પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 03-11-2026 **EVENING: 7.10 TO 7.20**

Day : TUESDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****

1) વલસાડમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 441 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત –સ્વચ્છતાને સ્વભાવ બનાવવા મુખ્યમંત્રીની અપીલ.

2) ડીસા તાલુકાની બનાસ નદી પર ફિશ સ્કેલ વિયર ડૅમ બનાવવા 581 કરોડ રૂપિયાની કામગીરીને સરકારની મંજૂરી.

3) ગાંધીનગરના સૌથી યુવા મેયર બનનારા રૂપસિંહ ઠાકોરે વિકાસકાર્યોને સંપૂર્ણ આગળ વધારવાની ખાતરી આપી.

4) ઓમાનના દરિયાકાંઠા નજીક ભારતીય જહાજ “અલ જુસુફી” પર હુમલો થતાં ગુજરાતના એક નાવિકનું મોત.

5) ગીરસોમનાથમાં આયોજિત રાજ્યકક્ષાની બીચ વૉલીબૉલ સ્પર્ધામાં દ્વારકા, ગાંધીનગર ગ્રામ્ય અને SAG નડિયાદ અકાદમીની ટીમ પહેલાં ક્રમાંકે રહી.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

VLS CM PATEL LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને દેશનું વિકાસ એંન્જિન ગણાવતા સ્વચ્છતાને સ્વભાવ અને સંસ્કારમાં ઉતારવા સૌને અપીલ કરી. વલસાડ જિલ્લામાં 441 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યા બાદ જાહેર સમારોહને સંબોધતા શ્રી પટેલે ગુણવત્તાયુક્ત વિકાસ થકી વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, વૈશ્વિક પરિસ્થિતિઓ વચ્ચે પણ સૌથી ઝડપથી આગળ વધતો દેશ ભારત છે અને તેમાં ગુજરાત લીડ લઈ રહ્યું છે.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

ઘણી વખત આપણને એમ થાય કે ભઈ જવાનો આપણને પોલીસના જવાન હોય કે સૈનિક સુરક્ષા બોર્ડના જવાન હોય, એ આપણને દેશ માટે કે આપણા રાજ્ય માટે મદદરૂપ થઈ શકે તો આપણે કેવી રીતે મદદરૂપ થઈ શકાય? તો આપણને દરેકે દરેક પળે મદદરૂપ થઈ શકાય એવું છે. વીજળી બચાવો તોય આપણને મદદરૂપ થઈ શકાય એવું છે દેશને, પાણી બચાવો તોય મદદરૂપ થઈ શકાય, સ્વચ્છતા જાણવો તો પણ મદદરૂપ થઈ શકાય એવું છે. દરેકે દરેક જગ્યાએ આપણો સ્વભાવ બનવો જોઈએ કે ભઈ આપણે કેવી રીતે આગળ વધવું છે બધાય સાથે.

VLS PRABHA KRUSHI KENDRA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વલસાડમાં પ્રભા પ્રાકૃતિક કૃષિ ખેત ઉત્પાદનના વેચાણ કેન્દ્રનું લોકાર્પણ કર્યું. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને પ્રાકૃતિક ખેત ઉત્પાદનોને વધુને વધુ લોકો સુધી પહોંચાડવાના હેતુસર આ કેન્દ્ર શરૂ કરાયું. તેના થકી ખેડૂતોના પ્રાકૃતિક ખેત ઉત્પાદનોને બજાર મળશે.

મુખ્યમંત્રીએ આ કેન્દ્રનું નિરીક્ષણ કર્યું અને ત્યાં ઉપલબ્ધ વસ્તુઓ અંગે માહિતી મેળવી. આ દુકાન એક આદર્શ કેન્દ્ર છે, જ્યાં પ્રાકૃતિક રીતે ઉગાડવામાં આવેલા તાજા શાકભાજી, ફળ, અનાજ અને મધ ઉપલબ્ધ હશે. આ ઉપરાંત આ કેન્દ્ર પ્રાકૃતિક ખેતીની ચીજવસ્તુઓની યોગ્ય વેચાણ વ્યવસ્થા અને બજાર ઉપલબ્ધ કરાવવા તથા નાગરિકોને ગુણવત્તાયુક્ત પ્રાકૃતિક કૃષિ ચીજવસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવાની દિશામાં મહત્વનું સાબિત થશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું.

DEESA FISH SCALE WEIR DAM

બનાસકાંઠામાં ડીસા તાલુકાના મહાદેવિયા ગામ પાસે બનાસ નદી પર ફિશ સ્કેલ વિયર ડેમ બનાવાશે. આ માટે સરકાર દ્વારા 581 કરોડ રૂપિયાની કામગીરીને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ. વર્ષ 2029 સુધીમાં આ ડેમના નિર્માણનું લક્ષ્ય રખાયું છે.

(VOICECAST: JAYESH PATEL)

(... બનાસ નદી પર તૈયાર થનારો આ ડેમ 500 મીટર પહોળો હશે અને તેમાં સાત મોટા પગથિયાં હશે. આ ડેમ દ્વારા દાંતીવાડા અને સિપુ ડેમમાંથી છોડાતા પાણીનો સંગ્રહ કરાશે. ડેમની ઉત્તર કાંઠે ચાર હજાર 795 મીટરની મોટી પાળ પણ બનાવાશે. બનાસ નદીના વધારાના પાણીને આ વિસ્તારમાં ખાસ ફિશ સ્કેલ સ્ટેપ્ડ વિયર બનાવીને સંગ્રહિત કરાશે. આ સંગ્રહથી ભૂગર્ભજળ સંગ્રહસ્થાનમાં મદદ મળશે. તેમજ ડીસાના 70 અને કાંકરેજ તાલુકાના 30 ગામના લોકોને લાભ થશે.

જયેશ પટેલ, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)

NVS DyCM PROG

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિકાસકાર્યો થકી દરેક નાગરિકના જીવનમાં સુખાકારી, સુવિધા અને સમૃદ્ધિ લાવવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. નવસારીમાં વાંસદા, ચીખલી અને ખેરગામ તાલુકામાં અંદાજે 190 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું ખાતમૂહૂર્ત કર્યા બાદ જાહેરસભાને સંબોધતા શ્રી સંઘવીએ કહ્યું, પ્રત્યેક ગામ સુધી વિકાસ કઈ રીતે પહોંચી શકે તે માટે આપણે પ્રયાસ કરવાનો છે.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

સંકલ્પ એ જ લેવાનો છે કે કોઈ ભી પ્રકારની જાતિ નાતીમાં આપણે લડવાનું નથી, આપણે પ્રત્યેક માનવજીવનનું ભવિષ્ય ઉજ્જવળ કઈ રીતે થઈ શકે, પ્રત્યેક ગામો સુધી વિકાસ હજી વધુ ઝડપથી કઈ રીતે પહોંચી શકે તે માટે પ્રયત્ન કરવાનો છે. અને આ અજમલગઢને એમ કે કે પાછું એવું ડેવલપ કરવું છે કે વાસદાના નાગરિકોએ ક્યારેય કોઈ બહાર ફરવા ના જવું પડે અમારે અજમલગઢ ફરીએ એટલે અમને તો એમ કે અમારો વિદેશ લાગે અને મારા સાથીઓની જે વિનંતી છે એ વિનંતી ઉપર અમે જરૂરથી કામ આગળ વધારીશું.

BOGAS DOCTOR ACTION

રાજ્યમાં આરોગ્ય વિભાગ દ્વારા યોજાયેલી 15 દિવસની મહાઝુંબેશ અંતર્ગત 38 નકલી તબીબ પકડાયા. આ અંગે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ કહ્યું, વિભાગની 298 ટુકડીએ અમદાવાદ, સુરત, રાજકોટ સહિત તમામ જિલ્લાઓમાં સ્થાનિક પોલીસ, ગુના શાખા, SOG અને આરોગ્ય વિભાગે સંયુક્તપણે આ કાર્યવાહી હાથ ધરી હતી.

(BYTE : PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

ગુજરાતમાં બોગસ તબીબો એટલે કે ડિગ્રી ન હોય અને પ્રેક્ટિસ કરતા એવા ભેળસેળિયા ડોક્ટરો માટે એક મહિના પહેલા એક ડ્રાઇવ ચલાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૮ શંકાસ્પદ ડોક્ટરો પકડવામાં આવ્યા હતા, જેમાં ૩૫ બોગસ ડોક્ટરો પર એફઆઇઆર કરવામાં આવી હતી. હજી બાતમીના આધારે જ્યાં પ્રેક્ટિસ કરતા હશે એને છોડીશું નહીં.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

GANDHINAGAR NEW MAYOR

ગાંધીનગરમાં વૉર્ડ નંબર ચારમાંથી જંગી બહુમતી સાથે વિજય મેળવનારા 29 વર્ષના રૂપસિંહ ઠાકોરને શહેરના નવા મેયર તરીકેની જવાબદારી સોંપાઈ. તેઓ ગાંધીનગરના સૌથી યુવા મેયર બન્યા છે. આ અંગે પ્રતિક્રિયા આપતા નવનિયુક્ત મેયરે વિકાસકાર્યોને 100 ટકા આગળ વધારવાની ખાતરી આપી. સાથે જ તેમણે મેયરપદની જવાબદારી મળતા વિકાસને પ્રાથમિકતા આપવાનો પણ સંકલ્પ કર્યો.

(BYTE: RUPSINH THAKOR, MAYOR, GANDHINAGAR)

સર્વપ્રથમ માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમિતભાઈ શાહ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા અને માનનીય શ્રી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ઉપમુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીનો પણ આભાર વ્યક્ત કરું છું. અમે વિકાસના કામો ૧૦૦ ટકા આગળ વધારીશું, જે રીતે મને જવાબદારી આપી છે, એના માટે હું દિલથી ખૂબ ખૂબ આભાર માનું છું.

આ ઉપરાંત ગાંધીનગરનાં નાયબ મેયર તરીકે અંજના મહેતા અને મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે મહેન્દ્ર પટેલની નિયુક્તિ કરવામાં આવી છે.

OMAN ATTACK GUJARATI DEATH

ઓમાનના દરિયાકાંઠા નજીક ભારતીય જહાજ “અલ જુસુફી” પર હવાઈ હુમલો થતાં ગુજરાતના નાવિક ગાંધાર નહીમ અજીજનું અવસાન થયું. કેન્દ્રીય બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે સોશિયલ મીડિયા સંદેશમાં આ માહિતી આપતા જણાવ્યું કે, ઓમાનના તટરક્ષક દ્વારા ભારતીય જહાજ પર સવાર 13 સભ્યોને બચાવી લેવાયા. જ્યારે ઈજાઓના કારણે ગુજરાતના એક નાવિકે જીવ ગુમાવ્યો છે. તેમણે મૃતક નાવિકના પરિવારજનો પ્રત્યે ઉંડી સંવેદના પણ વ્યક્ત કરી.

શ્રી સોનોવાલે વધુમાં જણાવ્યું કે, બચી ગયેલા 13 નાવિકને તાત્કાલિક મદદ મળી રહે અને તેમને તથા મૃતક નાવિકના પાર્થિવ દેહને સ્વદેશ પરત લાવવાની પ્રક્રિયા સુનિશ્ચિત કરવા ભારતીય મંત્રાલય અને ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસ સ્થાનિક સત્તાવાળાઓના સંપર્કમાં છે.

AMD POLICE CP APPEAL

અમદાવાદ શહેરના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે નાગરિકોને સતર્ક રહેવા અપીલ કરી છે. દિવાળીના પર્વ નિમિત્તે સોશિયલ મીડિયા પર એક વીડિયો સંદેશમાં તેમણે કહ્યું, લોકોની સુરક્ષા માટે પોલીસ કટિબદ્ધ છે. તેમણે નકલી પોલીસ કર્મચારીના નામે છેતરપિંડી કરનારાઓથી સાવચેત રહેવા જણાવ્યું છે.

(BYTE: ANUPAM SINGH GEHLOT, POLICE COMMISSIONER, AHMEDABAD CITY)

આપને શંકાસ્પદ કોઈ ચીજો લાગે કે કોઈ ડાઉટફુલ વ્યક્તિ લાગે, ૫ આપને કોઈ વસ્તુ જે ખેલાવવા માટે કે એમાં તમારી બેગ ખોલો, અમે પોલીસવાળા છીએ, અમે ઇનકમટેક્સવાળા છીએ, ઇમિડિએટલી આપ 112 નંબર ઉપર કોલ કરજો, પોલીસ કોઈ પણ સંજોગમાં આપને કોઈ વસ્તુ ટચ નહીં કરવાવાની, કોઈ વસ્તુ ચેક નથી કરવાની, કોઈ વસ્તુ ખોલવાની નથી આપના બેગ ઉપર એટલા આપ ધ્યાન રાખજો જોય, કોઈ પણ સંજોગ જણાય તો અમારી હેલ્પલાઇન બધી જગ્યા છે.

GIR BEACH WALLYBALL

ગીરસોમનાથમાં આયોજિત રાજ્યકક્ષાની બીચ વૉલિબોલ સ્પર્ધાના બીજા દિવસે આજે 14 વર્ષથી ઓછા વયજૂથમાં દેવભૂમિ દ્વારકાની ટીમ પહેલાં ક્રમાંકે રહી જ્યારે ગાંધીનગર ગ્રામ્ય બીજા અને સુરત શહેરની ટીમ ત્રીજા ક્રમાંકે રહી. તો 17 વર્ષથી ઓછા વયજૂથમાં ગાંધીનગર ગ્રામ્ય પ્રથમ, બોટાદ બીજા અને ગુજરાત રમતગમત સત્તામંડળ - SAG નડિયાદ અકાદમી ત્રીજા ક્રમે રહી. આ ઉપરાંત 19 વર્ષથી ઓછા વયજૂથમાં SAG નડિયાદ અકાદમીએ પ્રથમ, ગાંધીનગર ગ્રામ્યએ બીજું અને જૂનાગઢ ગ્રામ્યની ટીમે ત્રીજું સ્થાન મેળવ્યું.

કોડીનાર તાલુકાના મૂળદ્વારકા ગામે યોજાયેલી 70મી અખિલ ભારતીય શાળાકીય રાજ્યકક્ષાની બીચ વોલીબોલ સ્પર્ધામાં 71 જેટલી ટીમ ભાગ લઈ રહી છે.

AMC BONUS DECLAIR

અમદાવાદ મહાનગરપાલિકાના વર્ગ ચારના 16 હજાર 800 કર્મચારીઓને દિવાળી નિમિત્તે સાત હજાર રૂપિયાનું બોનસ અપાશે. રાજ્ય સરકારના ધોરણે નક્કી કરાયેલી મર્યાદામાં પ્રતિ કર્મચારી આ બોનસ અપાશે.